# પોતાની સાથે મિત્રતા

ધ્યાન રાખજો, શત્રુ થવું હંમેશાં સરળ છે. તમે ક્યારેક વિચાર કર્યો કે, શત્રુ થવા માટે શું કરવું પડે છે? જો તમારે કોઈના દુશ્મન થવું હોય તો તે એક પળમાં થઈ શકે છે અને જો મિત્ર બનવું હોય તો આખું જીવન પણ ઓછું છે. જો તમારે કોઈના દુશ્મન બનવું હોય તો એક પળ જ પર્યાપ્ત છે. એક નાનો શબ્દ અને શત્રુતાની પૂરેપૂરી વ્યવસ્થા થઈ જશે પરંતુ જો તમારે કોઈના મિત્ર બનવું હોય તો આખું જીવન પણ ઓછું છે, નોટ ઈનફ.

**મિત્રતા એક મોટી સાધના છે, શત્રુતા બાળકોની રમત છે એટલે જ આપણે શત્રુતામાં જલ્દી ઊતરી જઇએ છીએ. પોતાની સાથે મિત્રતા તો ઘણી જ અઘરી છે. બીજા સાથે એટલી મુશ્કેલ છે તો પોતાની જાત સાથે તો એના કરતાં પણ વધુ મુશ્કેલ છે**

આખું જીવન મહેનત કરવા પછી પણ કોઈ વસ્તુ કોઈ ખામી બાકી રહી જશે, જે પૂર્ણ નથી થઈ શકતી. મિત્રતા એક મોટી સાધના છે, શત્રુતા બાળકોની રમત છે એટલે જ આપણે શત્રુતામાં જલ્દી ઊતરી જઈએ છીએ. પોતાની સાથે મિત્રતા તો ઘણી જ અઘરી છે. બીજા સાથે એટલી મુશ્કેલ છે તો પોતાની જાત સાથે તો એના કરતાં પણ વધુ મુશ્કેલ છે. તમે કહેશો કે કેમ? બીજાની સાથે એટલી મુશ્કેલ હોય તો પોતાની સાથે આટલી મુશ્કેલ કેમ? પોતાની જાત સાથે તો સરળ હોવી જોઈએ. આપણે બધાં હંમેશાં એવું સમજીએ છીએ કે આપણે તો પોતાને પ્રેમ કરીએ જ છીએ. આ વાત એક ભ્રાંતિ છે, જૂઠ છે.

**ઓશો વાણી**

આપણામાંથી એક એવી વ્યક્તિ શોધવી મુશકેલ છે જે પોતાને પ્રેમ કરતો હોય કારણ કે જે પોતાને પ્રેમ કરી લેશે તેના જીવનમાં બૂરાઈ ટકી નથી શકતી, અસંભવ છે. શું પોતાને પ્રેમ કરવાવાળો દારૂનું સેવન કરી શકે છે? શું પોતાને પ્રેમ કરવાવાળો ક્રોધ કરી શકે છે? પરંતુ પોતાની જાત સાથે તેની કોઈ મિત્રતા નથી અને પોતાની સાથે મિત્રતા એટલા માટે અઘરી છે કે બીજો તો દેખાય છે, બીજો તો દેખાય રહ્યો છે, મિત્રતાનો હાથ ફેલાવી શકો છો પરંતુ પોતે ઈનવીસીબલ, અદ્રશ્ય સત્તા છો, ત્યાં તો હાથ ફેલાવાનો પણ ઉપાય નથી.

બીજા મિત્રોને તો કોઇ ભેટ આપી શકાય છે, પ્રશંસા પણ કરી શકાય છે, કોઈ મિત્રતાના રસ્તા બનાવી શકાય છે, કોઈ સેવા કરી શકાય છે. પોતાની જાત સાથે કોઈ રસ્તા નથી. પોતાની જાત સાથે શુદ્ધ મૈત્રીનો ભાવ જ! બીજો કોઇ રસ્તો નથી, બીજો કોઈ સેતુ નથી. જો સમજ હોય, અન્ડરસ્ટેન્ડીંગ જ સેતુ બનશે. એટલી સમજ આપણામાં નથી. આપણે બધા અણસમજમાં જીવી રહ્યા છીએ પરંતુ અણસમજમાં આપણે એટલા અકડમાં જીવીએ છીએ કે સમજણને આવવાના દરવાજા પણ ખુલ્લા નથી રહેવા દેતા. ખરેખર તો અણસમજુ લોકોથી વધારે સ્વયંને સમજદાર સમજવાવાળા લોકો નથી હોતા અને જેણે પોતાને એમ સમજયો કે હું ખૂબ સમજદાર છું તો સમજજો કે એણે પોતાનાં દ્વાર બંધ કરી દીધાં છે. જો સમજદારી તેના દ્વારને ખટખટાવે તો પણ તે દરવાજો ખોલશે નહીં. તે પોતે જ સમજદાર છે! આપણી સમજદારીનો સૌથી જે ખોટો આધાર છે તે એ છે કે આપણે પોતાની જાતને પ્રેમ કરીએ જ છીએ. આ તદ્દન જુઠ્ઠું છે. જો આપણે પોતાની જાતને પ્રેમ કરતા હોત તો દુનિયાની આ હાલત ન થતે જેવી હમણાં છે, જો આપણે પોતાને પ્રેમ કરતે તો માણસ ગાંડો ન થતે, આત્મહત્યા ના કરતે. જો આપણે પોતાને પ્રેમ કરતે તો દુનિયામાં આટલા માનસિક રોગો ન હોતે.

(ઓશો : ગીતાદર્શન ભાગ-૩ પુસ્તકમાંથી સૌજન્ય : ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે.)

1



(ઓશો : ગીતાદર્શન ભાગ-૩ પુસ્તકમાંથી સૌજન્ય : ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે.)

# 'દીવા'ની વાટ

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**



સનાતન ધર્મમાં પ્રત્યેક ધાર્મિક પ્રક્રિયાનાં ધાર્મિક તથ્યો રહેલાં છે. આપણી યુવા પેઢી ઘણી વાર ધર્મ સંબંધિત કેટલાંક તથ્યોથી અજાણ હોય એટલે સ્વાભાવિક સવાલો કરતી રહેતી હોય છે કે હાથે કલાવા બાંધવાનું શું કારણ...? તિલક શા માટે કરવું જોઈએ, હિંદુઓ શિખા શા માટે રાખતા હોય છે? પાઠ-પૂજામાં સોપારી, આસોપાલવ કે નાગરવેલનાં પાન, કંકુ-અક્ષત, શ્રીફળ, કળશ, આરતી વિગેરે શા માટે? જો કે આવા જાતજાતના પ્રશ્નો ઉદ્ભવવા સ્વાભાવિક છે કારણ કે તેનું સત્ય કે તથ્ય ના જાણીએ ત્યાં સુધી મનમાં અવશ્ય સંશય રહે જ. આપણા વેદ-પુરાણો અને ધર્મશાસ્ત્રોમાં દરેક પ્રકારના સંશયનું નિવારણ મળે છે. 'સત્સંગ'ના માધ્યમ દ્વારા અવારનવાર આ પ્રકારના લેખો દ્વારા ધાર્મિક માહિતી પૂરી પડાતી રહી છે. આજે અહીં દીવા અને દીવાની વાટ વિશે જરૂરી વિગતો આપવાનો પ્રયાસ છે. જો કે ભગવાનની પૂજામાં કે મંદિરોમાં પ્રગટાવાતા દીવામાં આડી કે ઊભી વાટ હોય અને ઘી કે તેલ દ્વારા પ્રજ્જવલિત હોય એવી અને એટલી ખબર આપણને હોય છે પણ ખરેખર તો કયા ભગવાનને તેલનો કે ઘીનો દીવો હોય અને કેટલી, કેવી વાટનો હોય તેની વિસ્તૃત માહિતી આપણને ધર્મશાસ્ત્રોમાંથી ઉપલબ્ધ હોય છે અને ખરેખર તો તે જાણવી જરૂરી હોય છે કારણ કે આપણે ઈચ્છિત ફળપ્રાપ્તિ માટે ધાર્મિક ક્રિયા-પ્રક્રિયા કરતા હોઈએ છીએ એ ખરેખર યોગ્ય રીતે થઈ રહી છે કે કેમ? તેની જાણકારી હોવી જોઈએ. ભલે પૂર્ણ ભક્તિભાવથી અને સાચા હૃદયથી આપણે પૂજા-પાઠ, ભક્તિ, તપ-જાપ વગેરે કરતા હોઈએ પણ અયોગ્ય પ્રકારે થતી હોય તો ફળપ્રાપ્તિને બદલે નુકસાન પણ થવાની સંભાવના રહેલી હોય છે.

સામાન્ય રીતે આપણે ત્યાં રૂમાંથી બનેલી ઊભી વાટ અને પતલી આડી વાટનો ઉપયોગ વધુ રહ્યો છે. તેમાં પણ ઊભી વાટ જે નીચેથી જાડી અને પહોળી હોય છે. તેને ઘી કે તેલમાં પ્રગટાવતા હોઈએ છીએ અને હવે તો આવી બંને પ્રકારની વાટ જેને દિવેટ પણ કહીએ છીએ તે પ્લાસ્ટિકના 200, 500 કે 1000 નંગના પેકીંગમાં તૈયાર મળી રહે છે. પહેલા તો ઘરના વડીલો દેશી રૂ લાવીને દિવેટ જાતે બનાવતા જો કે હજુ પણ કેટલાંક ઘરોમાં હાથે અને જાતે બનાવેલી દિવેટ જ દીવામાં વપરાય છે પણ સમયાંતરે સગવડો વધતી ગઈ અને લોકો પાસેનો પણ ફાજલ સમય મોબાઈલે પડાવી લીધો તેથી પારંપારિક જેવી કેટલીયે સવલતો બજારમાં કે ઓનલાઈન મળતી થઈ ગઈ છે. રૂની દિવેટ અયોગ્ય નથી જ પણ સૂતરના દોરામાંથી બનતી દિવેટ વધુ યોગ્ય મનાય છે. કયાંક નાડાછડીના લાલ-પીળા દોરાની વાટ પણ બનતી હોય છે. ઘરમંદિરની પૂજામાં વપરાતી વાટ કરતા મંદિરોમાં આરતી સમયે વપરાતી વાટ પ્રમાણમાં ઘણી મોટી સાઈઝની હોય છે કારણ કે ગવાતી અને ઉતારાતી આરતી દરમ્યાન પ્રગટેલી રહેવી જરૂરી હોય છે તો હરિદ્વાર, કાશી અને કોલકત્તાના ગંગા ઘાટે થતી ગંગાઆરતીની વાટ વિશેષ પ્રકારે ઊંચાઈમાં વધુ લાંબી અને મોટી હોય છે. કેટલીક વિશેષ પૂજા માટે કે અમુક ધાર્મિક તહેવારો માટે ખાસ પ્રકારની વાટના દીવા પ્રગટાવવામાં આવતા હોય છે. આવી વિશેષ પ્રકારની વાટના નામ પણ વિશેષ હોય છે. 'શિવરાત્ર વાટ' 1100 દોરાની બનતી હોય છે જે શિવરાત્રી કે મહાશિવરાત્રીના અવસરે ઘીમાં ઝબોળી પ્રગટાવાય છે. અહીં 1100 દોરાની વાત આવી તો સૂતરના ખૂબ જ પતલા અનેક દોરાઓથી એક દોરો બનતો હોય છે. જેની ગણત્રી વાટ બનાવનારને હોય છે એટલે એવા કેટલાક દોરાઓ થકી 'શિવરાત્ર વાટ' બનતી હોય છે. એક છે 'વૈકુંઠ વાટ' જે 350 દોરામાંથી એક વેંત લંબાઈની બનાવાય છે. વૈકુંઠ ચતુર્દશીના અવસરે આ વાટના દીવાની આરતીનો ઉપયોગ થતો હોય છે. 'તિપુરવાટ'એ 365 દોરાથી બનેલ જાડા ત્રણ દોરાથી બનતી વાટ છે. જે ત્રિપુરારી પૂર્ણિમા અને દિવાળીના તહેવારોમાં પ્રગટાવાય છે. જેનો ઉદ્દેશ વિશ્વકલ્યાણનો છે એટલે કે લોકોના 365 દિવસ શુભ, સ્વાસ્થ્યપૂર્ણ અને સૌ કોઈ માટે કલ્યાણકારી રહે. 'અનંતવાટ' એ વિશિષ્ટ અનુષ્ઠાન કે ખાસ વિધિ માટે બનાવાતી અઘરી પ્રક્રિયાની વાટ છે. જેમાં એક દોરાની એક વાટવાળો એક દીવો, બે દોરાની વાટવાળા બે દીવા, ત્રણ દોરાની વાટવાળા ત્રણ દીવા એ પ્રકારે ચાર દોરાના ચાર દીવા એમ 108 દોરાવાળી વાટના 108 દીવા એમ કુલ 5831 ઘીના દીવા તૈયાર કરી પ્રગટાવી ભગવાન કૃષ્ણ સામે અનુષ્ઠાન વિધિ કરાય છે.

'દેહવાટ' પણ વિશેષ વિધિ માટે ઉપયોગમાં લેવાય છે. એમાં જેના માટે વિધિ કરવાની હોય તેના પગના અંગૂઠાથી માથાના ઉપરના ભાગ સુધી લંબાઈ માપી એ સાઈઝના 108 અથવા 365 દોરાની એક વાટ તૈયાર કરાય છે. જેને તેલમાં પલાળી જે તે વ્યકિત દ્વારા જ પ્રગટાવી વિધિ કરાય છે. શાસ્ત્રોમાં અનેક પ્રકારના પૂજાપ્રયોગ અને ખાસ વિધિઓ માટે ખાસ પ્રકારની વાટના દીવા થતાં હોય છે. એ જ પ્રકારની એક વિધિ માટે 'બ્રહ્માંડવાટ' બનાવાય છે. જેમાં પણ જે વ્યકિત માટે વિધિ કરવાની હોય તેના માથાના પરિઘના માપ પ્રમાણે 250 દોરાની ખાસ લંબાઈવાળી વાટ બનાવી તલના તેલમાં ઝબોળીને જે તે વ્યક્તિના હાથે જ પ્રગટાવી વિધિ કરાતી હોય છે.

કેટલાક લોકો મનોકામનાની પૂર્તિ માટે અને નવું વર્ષ- સુખદાયી, સ્વાસ્થ્યલક્ષી અને ફળદાયી નિવડે તે માટે કારતક સુદની એકાદશીને પૂર્ણિમા સુધી પાંચ દિવસમાં ત્રણ દોરાની 105 દીવાની સરખે ભાગે એટલે કે રોજની 21 દીવાની દીપમાળા પ્રગટાવતા હોય છે તો કેટલાક પૂર્ણિમાને દિવસે જ એક સાથે 105 દીવા પ્રગટાવી પૂજનવિધિ કરતા હોવાની પણ એક પ્રથા છે. જે બહુ ભાગ્યેજ જોવા મળે છે પણ જાણકારો પ્રતિવર્ષ આ વિધિ કરતાં હોય છે.

અત્યારે અધિક માસ ચાલે છે. ભગવાન શ્રી વિષ્ણુની કૃપા પ્રાપ્ત કરવા ઘણા લોકો ફૂલ આકારની 33 'ફૂલવતી વાટ' બનાવી ઘીના દીવા કરતાં હોય છે. એમાં પણ કોઇ એક જ દિવસમાં 33 દીવા પ્રગટાવી પૂજાવિધિ કરી લેતા હોય છે તો કોઈ રોજ એક અને એકાદશીના દિવસે બે એમ કુલ 33 દીવા પ્રગટાવી શ્રદ્ધા પ્રક્ટ કરતાં હોય છે. કેટલીક જગ્યાએ મંદિરોમાં કાકડ આરતી થતી હોવાનું આપણે સાંભળીએ છીએ આ આરતી માટેની વાટમાં રૂ કે દોરા નથી વપરાતા પણ કોરા સુતરાઉ કાપડની પતલી લાંબી પટ્ટીઓ કાપી તેને વાળીને ઘી કે તેલમાં બોળી વાટ તૈયાર કરીને તેના દીવા પ્રકટાવી આરતી તૈયાર કરાતી હોય છે.

**જો કે ભગવાનની પૂજામાં કે મંદિરોમાં પ્રગટાવાતા દીવામાં આડી કે ઊભી વાટ હોય અને ઘી કે તેલ દ્વારા પ્રજ્જવલિત હોય એવી અને એટલી ખબર આપણને હોય છે પણ ખરેખર તો કયા ભગવાનને તેલનો કે ઘીનો દીવો હોય અને કેટલી કેવી વાટનો હોય તેની વિસ્તૃત માહિતી આપણને ધર્મશાસ્ત્રોમાંથી ઉપલબ્ધ હોય છે અને ખરેખર તો તે જાણવી જરૂરી હોય છે**

દીપ પ્રગટાવવા માટે દીવી પીત્તળની, પંચધાતુની, કાંસાની, સ્ટેનલેસ સ્ટીલ, તાંબાની કે ચાંદીની વધુ જોવા મળે છે. માટીનાં કોડિયાં પણ દીપ પ્રગટાવવા અધિક મહત્ત્વપૂર્ણ રહ્યાં છે. માટીનાં કોડિયામાં આપણે ખાસ કરીને દીપ પ્રગટાવી તુલસીકયારે, પીપળાના વૃક્ષ પાસે કે ઘરના મુખ્ય દ્વાર પાસે સંધ્યાટાઈમે મૂક્તા હોઈએ છીએ. જૂના ઘરોમાં મુખ્ય દ્વારની બારસાખ પર ટોડલા રહેતા તેના પર રોજ સાંજે ઘીના કે તેલના કોડિયા મુકાતા આજે બારસાખના ટોડલા નથી રહ્યાં તો પણ ઘણાં બધાં ઘરોમાં રોજ સાંજે ઉંબરા પાસે બંને બાજુ કોડિયાં પ્રગટાવી મુકાતા જોવા મળે છે.

આપણા પૂજાઘરમાં સામાન્ય રીતે ગોળ ઊભી વાટ વાપરીએ છીએ. એક જાણકારી મુજબ આ ગોળ ઊભી વાટના દીવા મુખ્યત્વે શિવજી, વિષ્ણુ, રામ, કૃષ્ણ, લક્ષ્મણજી અને તુલસી સમક્ષ પ્રગટાવી શકાય છે. જ્યારે લાંબી આડી વાટના દીવા માતા દુર્ગા, સરસ્વતી અને અન્ય દેવીઓ કે દૈવી શક્તિઓ સમક્ષ પ્રગટાવવા જોઈએ. પિતૃઓ માટેની પૂજામાં પણ હંમેશ આડી વાટના જ દીવા કરવા જોઈએ. એક દીવીમાં કે એક કોડિયામાં એક સાથે બે અલગ અલગ દીવા કયારેય ના કરી શકાય. આડી વાટના દીવા દિવાળીના તહેવારોમાં કરાતા હોય છે. એ પણ દીવેલ કે તેલના જ હોય છે. દીવા પ્રગટાવવા માટે દીવીઓ અનેક પ્રકારના મુખવાળી હોય છે. જેમાં રોજિંદા પૂજાઘરમાં કરાતો દીવો એક મુખી હોય છે. જેમાં એક જ દીવેટ હોય છે. બે મુખી દીવીમાં પ્રગટાવાતો દીવો માતા દુર્ગા કે અન્ય દેવીઓની આરાધના માટે થતો હોય છે. ત્રણ મુખી દીવો ગણેશજીની કૃપા પ્રાપ્ત માટે કરાતો હોય છે. તેમાં ત્રણ વાટ મૂકી ત્રણ જ્યોત પ્રગટાવીને પૂજા કરાતી હોય છે. ચાર મુખી દીવો કાલ ભૈરવની પૂજામાં સરસવના તેલ થકી પ્રગટાવાતો હોય છે. પંચમુખી દીવો ભગવાન કાર્તિકેયની પૂજા માટે તો સાતમુખી દીવો લક્ષ્મીજીની પ્રસન્નતા માટેની પૂજા માટે ઉપયોગમાં લેવાય છે. આઠ અને બાર મુખી દીવો દેવાધિ દેવ મહાદેવજીની પૂજામાં પ્રગટાવાય છે. સોળ મુખી દીવો ભગવાન વિષ્ણુ અને વિષ્ણુના અવતારોની પૂજા કરવામાં ઉપયોગમાં લેવાય છે.

દીવા પ્રગટાવવા માટે હંમેશાં ગાયનું ઘી અને તેલના દીવા માટે ખાસ કરીને તલનું તથા સરસવનું તેલ જ ઉપયોગમાં લેવું જોઈએ. ઘીનો દીવો ઘરનાં પૂજાઘરમાં રોજ કરવો જોઈએ. જેથી ઘરમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ સાથે દેવી-દેવતાઓની કૃપા પ્રાપ્ત થાય. શનિ દેવને તલના તેલ કે સરસવના તેલનો જ દીવો કરવો. સૂર્યદેવ તથા કાલ ભૈરવની પૂજામાં પણ સરસવના તેલનો જ દીવો કરી શકાય. હનુમાનજીની પ્રસન્નતા માટે ચમેલીના તેલનો કે સરસવના તેલનો દીવો કરવો. ઘણી વખત સાધના અને સિદ્ધિ માટે હનુમાનજીની વિશેષ પૂજામાં લોટનાં બનેલાં કોડિયા જેવા આકારમાં દીવો પ્રગટાવાય છે. દીવા અને વાટ માટેની માહિતી ચીવટતાથી આપવાનો આ પ્રયાસ છે છતાંયે કયાંય સંશય ઉદ્દભવે તો પંડિત ભૂદેવને પૂછીને પૂજાપ્રયોગ કરવા. અસ્તુ.



પંચમુખી દીવી



નારાયણ વાટ



શિવ પાર્વતિ વાટ



ડમરું વાટ



મોગરા વાટ



પંચતત્વ વાટ




બ્રહ્મ વાટ



સહસ્ત્ર વાટ



ત્રિશુલ વાટ



ત્રિપુર વાટ



રૂદ્રાક્ષ વાટ

|| कृष्णस्तु भगवान स्वयम् ||

**લેખાંક-૭૫**

# યમલાર્જુન વૃક્ષમાંથી કુબેરપુત્રોની મુક્તિ


**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**

મણિગ્રીવ અને નલકુબેર બંને મદોન્મત્ત બની ગયા હતા. બંને કુબેરના પુત્રો હતા. વળી કુબેર તો દેવતાઓના કોષાધ્યક્ષ પણ હતા. આથી નારદજીએ વિચાર્યું કે આવી પશુ જેવી હરકત માટે તેમને દંડ આપવો યોગ્ય જ છે. એવો દંડ આપું કે તેઓ જીવમાંથી જડ બની જાય. શરીરના નીચેના અર્ધા ભાગને ઢાંકી રાખવો તે માનવીય સભ્યતા છે. જ્યારે પુરુષ અથવા સ્ત્રી આ સભ્યતા ભૂલી જાય છે ત્યારે તેમની ગણના 'પશુ', અથવા 'જડ'માં જ થાય છે. આથી તેમને એવો શ્રાપ આપું કે તેઓ જડ જીવ એવા વૃક્ષ બની જાય અને એકસો (૧૦૦) દિવ્ય વર્ષો સુધી તેઓ આ જ સ્થિતિમાં રહે. વૃક્ષ ઉપરથી આચ્છાદિત અને નીચેથી ખુલ્લા હોય છે, તેમનો સ્વભાવ અચળ હોય છે અને તેઓ કોઈને હાનિ પહોંચાડતા નથી. તેઓ વૃક્ષ બની જાય પરંતુ તેમનામાં એટલી સ્મૃતિ રહી જાય કે જેનાથી તેઓ જાણી શકે કે એમને શા માટે દંડિત કરવામાં આવ્યા છે, સાથે જ સમય પૂરો થવાથી તેઓ ભગવાનના સાક્ષાત દર્શન કરે અને ફરી દેવતાઓનું જીવન પ્રાપ્ત કરે. આથી તેમણે તે બંનેને વૃક્ષો બની જવાનો શ્રાપ આપ્યો.

આ પ્રસંગ પછી નારદજી તેમના આશ્રમમાં આવ્યા અને સાથે જ તેમના શ્રાપના કારણે 'મણિગ્રીવ' અને 'નલકુબેર' વૃક્ષોમાં પરિવર્તિત થઈ ગયા. આ બંને પર નારદજીની કૃપા પણ હતી જ, આથી તેઓ વૃક્ષ તરીકે વ્રજમાં સ્થાયી થયા અને આસોન્દ્રાના આ વૃક્ષની જોડીનું નામ 'યમલાર્જુન' પડ્યું. યમલ એટલે એવું જોડકું કે જેનું મૂળ એક અને એમાંથી થતાં વૃક્ષ બે. આ ઝાડની જોડી વ્રજમાં ખૂબ પવિત્ર ગણાતી હતી અને લોકો તેનું પૂજન કરતા હતા. સ્વાભાવિક રીતે જ તેમાં દૈવીશક્તિ હતી. આ પ્રસંગથી મનુષ્યે એટલું તો સમજવું જ જોઈએ કે કોઈએ પણ ધનના મદમાં રહીને ઘમંડ નહિ કરવો જોઈએ. લક્ષ્મીના મદમાં રહેલા લોકો આ નાશવંત શરીરને અજર-અમર માને છે અને બધાનો દ્રોહ કરે છે. આપણાથી મોટા અને વિદ્વાન સામે કોઈ પણ દિવસ અશિષ્ટભર્યું આચરણ નહિ કરવું જોઈએ.

હવે આગળની લીલા સમજીએ. બાળકૃષ્ણ જો કે લાકડાના ખાંડળીયા સાથે બંધાયેલા હતા પરંતુ પોતાના પરમ ભક્ત નારદજીની ભવિષ્યવાણી પૂરી કરવા માટે અને 'મણિગ્રીવ' અને 'નલકુબેર' પર કૃપા કરવા માટે જ આ દામોદર લીલા રચી અને આ બંને વૃક્ષો તરફ આગળ વધ્યા. તેમને ખબર હતી જ કે આ બંને કુબેરના પુત્રો છે અને મારા દર્શનથી તેમની મુક્તિ થવાની છે. આથી તેઓ આ બંને વૃક્ષોની વચ્ચેથી રસ્તો બનાવીને એવી રીતે પસાર થયા કે પોતે પસાર થઈ જાય પરંતુ ખાંડળીયાને રસ્તો નહિ મળે અને તે ફસાઈ જાય. જેને બળપૂર્વક ખેંચવાથી વૃક્ષો ધરાશાયી થઈ જાય. બે ઝાડની વચ્ચે અટકી ગયેલા ખાંડળીયાને બળપૂર્વક ખેંચતા બંને વૃક્ષો મૂળ સહિત ઉખડી ગયાં અને ધરતી પર પડી ગયાં.

વૃક્ષો પડી ગયાં એટલે આ બન્ને વૃક્ષમાંથી અગ્નિ સમાન બે મહાપુરુષ પ્રગટ થયા. બંનેએ શ્રીકૃષ્ણની સ્તુતિ કરી. આ સ્તુતિમાં (ભા. ૧૦.૧૦.૨૮) તેમણે જે કહ્યું તેનો ટૂંક સાર સમજીએ,



**પ્રકૃતિની દેન એવી વાણી, બે કાન, ચિત્ત, બે હાથ, મસ્તક, બે નેત્રો આ તમામ છ ઇન્દ્રિયો ભગવત કાર્યમાં આસક્ત થાય તો જ જીવ કૃતાર્થ થાય. જેમાં વાણી - ભજન-કીર્તનમાં, કાન - કથાશ્રવણમાં, ચિત્ત- પ્રભુસ્મરણમાં, હાથ - પ્રભુસેવામાં, મસ્તક - નમનમાં અને નેત્ર- પ્રભુદર્શનમાં**

"આપ આદિ ભગવાન વિષ્ણુ છો. વિદ્વાનો જાણે છે કે આ જગત આપની એ શક્તિઓનો વિસ્તાર છે, કે જે ક્યારેક પ્રગટ થાય છે અને ક્યારેક અપ્રગટ રહે છે. આપ સર્વવ્યાપી છો, શાશ્વત છો, પ્રત્યેક વસ્તુના નિયામક અને કાળરૂપ છો. આ દ્રશ્ય જગતના આપ મૂળ સ્ત્રોત છો, કે જે ભૌતિક પ્રકૃતિના ત્રણ ગુણોને આધીન રચાયું છે. આપ દરેક જીવોમાં અંશરૂપે વિદ્યમાન રહો છો અને બધું જ જાણતા હો છો કે તેમના શરીરમાં અને મનમાં શું ચાલી રહ્યું છે. ભૌતિક પ્રકૃતિના ત્રણ ગુણોથી વશીભૂત આ જગતનો મનુષ્ય આપના એ દિવ્ય ગુણોને સમજી શકતો નથી, કે જે સૃષ્ટિ રચાયા પહેલાંથી જ વિદ્યમાન રહેલા છે. આપની અંતરંગ શક્તિઓનો મહિમા અનેરો છે. આ સંસારમાં આપ અવતારો દ્વારા પ્રસિદ્ધ થાવ છો. આપ વિવિધ અવતારોમાં શરીર તો ધારણ કરો છો પરંતુ તે ભૌતિક મનુષ્યના શરીર જેવું નથી. આપનું શરીર મૂળ આધ્યાત્મિક હોવાના કારણે ઐશ્વર્ય, બળ, સૌન્દર્ય, યશ, બુદ્ધિ અને ત્યાગ જેવી દિવ્ય શક્તિઓથી ભરપૂર છે. જયારે જયારે આપ પ્રગટ થાવ છો ત્યારે ત્યારે આપનાં અસાધારણ કાર્યોથી જ આપ ભગવાન તરીકે પ્રતિષ્ઠા પામો છો. આવાં અસાધારણ કાર્યો કરવા આ જગતની કોઈ પણ વ્યક્તિ માટે સંભવ નથી. આપ તમામ મનુષ્યોના જન્મ, મૃત્યુ તથા મુક્તિનું કારણ છો અને આપ તમામ અંશોથી પૂર્ણ છો. આપ સર્વવ્યાપી, શાંતિદાતા તથા યદુવંશના પરમ પુરુષ છો. અમારા પિતા કુબેર આપના દાસ છે. આ જ પ્રમાણે મહર્ષિ નારદજી પણ આપના સેવક છે અને એમની કૃપાથી જ અમે આપના દર્શન કરવા ભાગ્યશાળી બન્યા છીએ. અમે આજીજીપૂર્વક પ્રાર્થના કરીએ છીએ કે અમારું જીવન આપના મહિમાનું વર્ણન કરતા તથા આપના દિવ્ય ગુણો અને કાર્યોનું શ્રવણ કરતા આપની પ્રેમભક્તિમાં લાગેલું રહે. અમારા હાથ અને અન્ય અંગ આપની સેવામાં હંમેશાં રહે અને મન આપના ચરણકમળમાં કેન્દ્રિત રહે.

અમારું મસ્તક આપના સર્વવ્યાપક વિરાટ સ્વરૂપમાં સદા નમેલું રહે. અમે આપના ચરણકમળમાં સાદર નમસ્કાર કરીએ છીએ."

સામાન્ય મનુષ્યએ અને ભક્તોએ 'મણિગ્રીવ' અને 'નલકુબેર'ની ઉપર જણાવેલી સ્તુતિનું મહત્ત્વ સમજીને તેના અનુસંધાનમાં એક વાત સમજવી જોઈએ કે પ્રકૃતિની દેન એવી વાણી, બે કાન, ચિત્ત, બે હાથ, મસ્તક, બે નેત્રો આ તમામ છ ઈન્દ્રિયો ભગવત કાર્યમાં આસક્ત થાય તો જ જીવ કૃતાર્થ થાય. જેમાં વાણી - ભજન-કીર્તનમાં, કાન - કથાશ્રવણમાં, ચિત્ત- પ્રભુસ્મરણમાં, હાથ - પ્રભુસેવામાં, મસ્તક - નમનમાં અને નેત્ર- પ્રભુદર્શનમાં. (ક્રમશઃ)